# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-03-2024 બપોરે : 1.20 થી 1.30

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર **ચૈતાલી શાહ** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઇ.
- ✓ નવી દિલ્હીમાં લશ્કરી કમાન્ડરોની પરિષદ શરૂ થઈ.
- ✓ યુક્રેનના વિદેશ મંત્રી આજથી ભારતની બે દિવસીય સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા.
- ✓ તમામ યુનિવર્સિટીઓને શૈક્ષણિક સત્ર 2024-2025થી શરૂ થતા પીએચડી અભ્યાસક્રમમા પ્રવેશ માટે પરીક્ષાઓ લેવાને બદલે નેટ સ્કોરનો ઉપયોગ કરવાનો નિર્દેશ અપાયો.
- ✓ આઈપીએલ ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *2ND-PHASE-NOTIFICATION*

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઇ. આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો અને મણિપુર બાહ્ય લોકસભા મતવિસ્તારના બાકીના ભાગો માટે ચૂંટણી યોજાશે. ઉલ્લેખનીય છે કે, મણિપુર બાહ્ય લોકસભા મત વિસ્તારના કેટલાક ભાગો માટે પ્રથમ તબક્કામાં મતદાન યોજવા જઈ રહ્યું છે.

બીજા તબક્કામાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્યપ્રદેશની સાત બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની 1-1 બેઠકો માટે મતદાન થશે. આ માટે ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. આ તબક્કા માટે 26મી એપ્રિલે મતદાન થશે. જમ્મુ અને કાશ્મીર સિવાય તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉમેદવારી પત્રોની ચકાસણી 5મી એપ્રિલે કરવામાં આવશે. જ્યારે જમ્મુ કશ્મીરમાં 6ઠ્ઠી એપ્રિલે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે.

## *ASSAM POLLS*

આસામમાં બીજા તબક્કા માટે પણ ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઈ ગઈ છે. આ તબક્કામાં પાંચ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમાં સિલ્ચર અને નાગાંવનો સમાવેશ થાય છે.

દરમિયાન આસામમાં પ્રથમ તબક્કાની ચુંટણી માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી ચાલી રહી છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે 38 ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે. ભાજપ તરફથી આસામના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ, સાંસદ પ્રદાન બરુઆ, પૂર્વ રાજ્યમંત્રી અને ધારાસભ્ય રણજીત દત્તા મેદાનમાં છે.

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ અને પૂર્વ ધારાસભ્ય રોસેલિના ટિર્કીએ પણ ઉમેદવારીપત્ર ભર્યું છે. આસોમ રાષ્ટ્રીય પરિષદના પ્રમુખ લુરીનજ્યોતિ ગોગોઈ ડિબ્રુગઢ ખાતે શ્રીસોનોવાલ સામે ચુંટણી લડશે.

## *ARUNACHAL-NOMINATIONS*

અરુણાચલ પ્રદેશમાં લોકસભાની બે અને વિધાનસભાની 60 બેઠકો માટે યોજાનારી ચુંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો ગઇકાલે અંતિમ દિવસ હતો.

જે અંતર્ગત લોકસભાની બે બેઠકો માટે 15 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. અરુણાચલ પશ્ચિમ બેઠક માટે ત્રણ રાજકીય પક્ષો અને પાંચ અપક્ષ ઉમેદવારોએ જ્યારે પૂર્વ બેઠક માટે કુલ 7 ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા છે. જેમાંથી ત્રણ રાજકીય પક્ષો અને 4 અપક્ષ ઉમેદવારો છે. વિધાનસભાની 60 બેઠકો માટે 197 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

## *HP-STATE PROFILE*

હિમાચલ પ્રદેશની ચાર લોકસભા મતવિસ્તાર અને છ વિધાનસભા મતવિસ્તારોમાં 1લી જૂને એક જ તબક્કામાં મતદાન થશે.

આ ચૂંટણીઓ માટેનું જાહેરનામું 7 મેના રોજ બહાર પાડવામાં આવશે અને 14 મે સુધીમાં ઉમેદવારી પત્રો ભરી શકાશે. ભારતીય જનતા પાર્ટીએ રાજ્યની ચારેય સંસદીય મતવિસ્તારો સહિત 6 વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારો જાહેર કર્યા છે, જ્યારે કોંગ્રેસ પાર્ટી હજુ સુધી કોઈ ઉમેદવારનું નામ જાહેર કરી શકી નથી.

રાજ્યમાં ચૂંટણી માટે કુલ 7 હજારથી વધુ મતદાન મથકોબનાવવામાં આવશે. આ સાથે તેમણે અત્યારસુધીમાં 56 લાખ 38 હજાર મતદારો નોંધાયા છે, જ્યારે નવા મતદારો ચોથી મે, સુધી પોતાની નોંધણી કરાવી શકે છે.

## *REV ARMY-COMMANDER CONFERENCE*

નવી દિલ્હીમાં લશ્કરી કમાન્ડરોની પરિષદ શરૂ થઈ છે. ઓફલાઈન અને ઓનલાઈન એમ બંને માધ્યમો દ્વારા યોજાઈ રહેલી પરિષદમાં ભારતીય લશ્કરના ટોચના નેતૃત્વને મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક અસરકારક પ્લેટફોર્મ પૂરૂં પાડે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ બેઠકમાં સંબોધન કરશે અને આગામી મહિનાની બીજી તારીખે સેનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાત કરશે. આજે આર્મી ચીફ જનરલ મનોજ પાંડે કમાન્ડ હેડક્વાર્ટરથી પરિષદમાં ભાગ લેનારા સેના કમાન્ડરો સાથે વર્ચ્યુઅલ રીતે વાતચીત કરશે. જેમાં લશ્કરને પડતી સમસ્યાઓ અને સૈનિકોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર મુખ્યત્વે ચર્ચા કરવામાં આવશે.

પહેલી એપ્રિલે ઉચ્ચ લશ્કરી અધિકારીઓનું સઘન ચર્ચા સત્ર યોજાશે. જેમાં ભવિષ્યના પડકારોને ઉકેલવા માટેની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવશે. બાદમાં આર્મી ચીફની અધ્યક્ષતામાં યોજાનારી ગ્રુપ ઈન્સ્યોરન્સની ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી કમિટીની બેઠકમાં વિવિધ કલ્યાણકારી પગલાં અને નાણાકીય સુરક્ષા યોજનાઓ પર ચર્ચા કરવામાં આવશે.

## *REV. UKRAINE FM VISIT*

યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબા આજે ભારતની બે દિવસીય સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ વિદેશમંત્રી અને નાયબરાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે સત્તાવાર બેઠકો સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે બંને મંત્રીઓ પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ અંગે દ્વિ-પક્ષીય ભાગીદારી અને સહયોગના મુદ્દાઓ પરચર્ચા કરશે. યુક્રેનના વિદેશમંત્રી વેપારી સમુદાય સાથે પણ ચર્ચા કરે તેવી સંભાવના છે.

## *JAISHANKAR MALAYSIA*

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરની મલેશિયાની મુલાકાત પૂર્ણ થઈ છે. તેમની ત્રણ દેશોની મુલાકાતના છેલ્લા દિવસે તેમણે મલેશિયાના ડિજિટલ મંત્રી ગોવિંદસિંહ દેવ સાથે વાત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉક્ટર જયશંકરે જણાવ્યું હતું કે, ડિજિટલ ક્ષેત્રે શ્રેષ્ઠ તકનીકોના આદાનપ્રદાન અને વ્યવસાયની તકોની ઓળખ સહિત ડિજિટલ સહકાર પર વિગતવાર ચર્ચા થઈ હતી.

## *UGC-PHD NOTIFICATION*

દેશની તમામ યુનિવર્સિટીઓ શૈક્ષણિક સત્ર 2024-25 થી પીએચડીમાં પ્રવેશ માટે અલગ પ્રવેશ પરીક્ષાઓને બદલે નેટ સ્કોરનો ઉપયોગ કરશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ એમ. જગદેશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, શૈક્ષણિક સત્ર 2024-25 થી, પીએચડીમાં પ્રવેશ માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓની જગ્યાએ નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ-નેટ સ્કોરનો ઉપયોગ કરી શકાય છે. તેમણે

કહ્યું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ અંગે કામ કરી રહી હોવાથી જૂન 2024ના સત્ર માટે NET એપ્લિકેશન પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતી આગામી અઠવાડિયે ઉપલબ્ધ થવાની શક્યતા છે.

## *IPL CRICKET MATCH*

આઈપીએલમાં આજે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે થશે. આ મેચ સાંજે 7.30 કલાકે શરૂ થશે.

ગઈકાલે આઈપીએલ ક્રિકેટમાં સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સને 31 રને હરાવ્યું હતું. હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા સનરાઇઝર્સ હૈદરાબાદે 20 ઓવરમાં ત્રણ વિકેટે 277 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. હેનરિક ક્લાસને 34 બોલમાં 80 રન, અભિષેક શર્માએ 23 બોલમાં 63 રન અને ટ્રેવિસ હેડે 24 બોલમાં 62 રન બનાવ્યા હતા.

278 રનના ટાર્ગેટના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ પાંચ વિકેટ ગુમાવીને 246 રન જ બનાવી શકી હતી. તિલક વર્માએ 34 બોલમાં સૌથી વધુ 64 રન બનાવ્યા હતા. સનરાઇઝર્સ હૈદરાબાદના ક્લાસેનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

## *MIAMI OPEN TENNIS*

મિયામી ઓપન ટેનિસમાં, ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુએબ્ડેનની જોડી આજે મેન્સ ડબલ્સની સેમી ફાઇનલમાં સ્પેનના માર્સેલ ગ્રેનોલર્સ અને આર્જેન્ટિનાના હોરાસિયો ઝેબાલોસની જોડી સામે રમશે. અગાઉ

રમાયેલી ક્વાર્ટર ફાઇનલ મેચમાં ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડીએ તેમના હરીફ ખેલાડીઓન પરાજય આપ્યો હતો.

## *INDIA-CHINA-WMCC MEET*

ભારત અને ચીને ભારત-ચીન સરહદી વિસ્તારોના પશ્ચિમ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પરથી સૈનિકો હટાવવા અને બાકીના મુદ્દાઓને ઉકેલવા અંગે ચર્ચાકરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત-ચીન બોર્ડર અફેર્સ અંગે કન્સલ્ટેશન અને કો-ઓર્ડિનેશન માટે કાર્યકારી મિકેનિઝમની 29મી બેઠક ગઈકાલે ચીનના બેઇજિંગમાં યોજાઈ હતી.

જેમાં બંને પક્ષોએ વાસ્તવિક નિયંત્રણ રેખા પરથી સૈનિકો હટાવવા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી અને રાજદ્વારી અને લશ્કરી ચેનલો દ્વારા નિયમિત સંપર્ક જાળવવા માટે સંમત થયા હતા. બંને પક્ષોએ વર્તમાન દ્વિપક્ષીય કરારો અને પ્રોટોકોલ અનુસાર સરહદી વિસ્તારોમાં જમીન પર શાંતિ જાળવવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરી હતી.

## *JAMMU-KASHMIR-CERTIFICATE-INDIA*

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના વહીવટી તંત્રે તેના વિભાગોને 1 મહિનાની અંદર કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ-ઇન્ડિયા CERT-In દ્વારા તેમની વિભાગીય વેબસાઇટ્સનું સુરક્ષા ઓડિટ કરાવવાનો નિર્દેશ આપ્યો છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે, આ પગલું સરકારી વેબસાઈટ અને જાહેર ક્ષેત્રની એપ્લિકેશનોને સાયબર જોખમોથી બચાવવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યું છે. માહિતી પ્રૌદ્યોગિકી વિભાગે તમામ વહીવટી વિભાગો,

વિભાગોના વડાઓ, ડેપ્યુટી કમિશનરો, મેનેજિંગ ડિરેક્ટરોને સમયાંતરે આ સંદર્ભે સૂચનાઓ જારી કરી હોવા છતાં આ ઓડિટ હજુ પણ ઘણી વેબસાઇટ્સમાં કરવામાં આવ્યું નથી, જેના કારણે સાયબર સુરક્ષાનું જોખમ વધી ગયું છે.